# જન્મદિને વધામણી



પ્રવીણકુમાર બી દરજી
મો. ૯૪૨૮૦ ૧૦૫૫૫



દિનેશ એફ શાહ
પ્રમુખ, ગાંધીનગર વૈષ્ણવ સમાજ
પૂર્વ પ્રમુખ, સમસ્ત ખડાયતા સમાજ, ગુજરાત
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગાંધીનગર
મો. ૯૪૦૮૭ ૮૩૪૯૭



સાક્ષી રાવ
મો. ૯૪૨૬૭૦૯૭૧૦




પ્રાંજલ આર પરમાર
મો. ૭૦૪૧૧ ૬૧૬૩૪



યશસ્વી જયવીરસિંહ ગોહિલ
મો. ૯૪૨૯૬ ૬૧૭૩૯



દક્ષ સંદિપભાઈ વ્યાસ
મો. ૯૯૨૪૧ ૯૯૪૯૦



નીલકંઠ જયસિંહ માજીરાણા

ગુજરાત ચેસ એસોસિએશન ફોર ધી વિઝ્યુઅલી ચેલેન્જ્ડ દ્વારા

# પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત ચેસ એસોસિએશન ફોર ધી વિઝ્યુઅલી ચેલેન્જ્ડ દ્વારા આયોજિત દ્વિતિય ફિડે રેટીંગ ચેસ ટુર્નામેન્ટ ફોર ધી બ્લાઈન્ડનો આરંભ ૧૦ નવેમ્બરથી કરવામાં આવ્યો હતો, જેના ઉદ્‌ઘાટન સમારોહમાં એનએબી ઈન્ડિયાના પ્રેસિડેન્ટ ભાસ્કરભાઈ મહેતા, અંધજન મંડળના એક્ઝીક્યુટીવ સેક્રેટરી ડૉ. ભૂષણ પુનાની ઉપસ્થિત રહ્યા હતા.

આ ટુર્નામેન્ટ રવિવારે સંપન્ન થતાં વિજેતાઓ માટે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ટુર્નામેન્ટ માટે સંપૂર્ણ આર્થિક સહાય સ્વામીનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર, અમદાવાદ આશ્રમ તથા વિજયા બૅન્ક દ્વારા વહન કરવામાં આવ્યો હતો.

# ‘સંસ્કૃતિ’ની ‘ઝિંદગી એક્સપ્રેસ’માં ટાઉનહૉલ ભરીને ચાહકો આવ્યા




ગાંધીનગરની કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા નૂતન વર્ષના પ્રથમ કાર્યક્રમ તરીકે માય એફએમ રેડિયોના સહયોગથી શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ‘ઝિંદગી એક્સપ્રેસ’ નામક વિશિષ્ટ કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આરજે આરતી આ કાર્યક્રમનાં મુખ્ય કલાકાર છે. કલાચાહકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને માણ્યો, વખાણ્યો હતો.

નગરની નવયુવતિની અનોખી પહેલ અને સરાહનીય સંવેદના

# અંતિમધામમાં જન્મદિવસ ઉજવ્યો જરૂરિયાતમંદોને જરૂરી ભેટો ધરી



શહેરમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ રોજ-બ-રોજ ચાલતી રહેતી હોય છે ને આવી પ્રવૃત્તિઓ કરવામાં મોટેરાઓથી માંડીને બાળકો પણ રત હોય છે. કંઈક નવું કરી બતાવવાની અને સમાજને નવો રાહ બતાવવાનો પ્રયાસ નગરની એક દીકરી મયુરી જીલુભા ધાંધલ કરી રહી છે. શનિવારે મયુરીએ પોતાના ૧૯મા જન્મદિવસની ઉજવણી કરી હતી. આ ઉજવણી માટે તેણે ન તો કેક કાપી, ન તો પાર્ટી સજાવી કે ના મિત્રોને મિજબાની આપી. તેણે કર્યું એક સુંદર કામ. મીઠાઈ, નાસ્તો અને કપડાંની વહેંચણી તેણે જરૂરિયાતમંદ શ્રમિકોને કરી.

મયુરીએ પોતાનો જન્મદિવસ ઉજવ્યો મુક્તિધામમાં અર્થાત સ્મશામ ગૃહમાં ! અને તેણે આ પહેલીવાર નથી કર્યું. ગત વર્ષે પણ તેણે પોતાનો જન્મદિવસ મુક્તિધામમાં જ ઉજવ્યો હતો અને આ જ રીતે મુક્તિધામ તથા આસપાસ કામ કરતાં શ્રમિકો, તેમનાં બાળકોને એકત્ર કરી તેમને મીઠાઈ અને નાસ્તો ભેટ ધર્યો હતો. આ વખતે તેણે કેક ભલે ન કાપી, પણ પોતાના જન્મદિવસને યાદગાર તો બનાવ્યો જ - ન માત્ર પોતાના માટે, પરંતુ અન્યોના માટે પણ.

ઉલ્લેખનીય છે કે મયુરી - મહાનગરપાલિકાનાં નગરસેવક હર્ષાબા અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના અગ્રણી જીલુભાની દીકરી છે. આ દંપતિનું નામ ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતું છે ને હવે બે વર્ષથી એમની દીકરીએ પણ આ જ રાહે ચાલીને ‘મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે’ એ કહેવત સાચી ઠેરવી છે. આ વયે આ સમજ અને સંવેદનશીલતા માટે મયુરી અને તેનાં માતા-પિતાને પણ સમાજ વતી હાર્દિક અભિનંદન-આશીર્વાદ !

## ડાયરેક્ટ ❤ સે

તમે ગરીબ જન્મો
એ તમારો વાંક નથી.
તમે ગરીબ મરો
એ તમારો વાંક છે.
- બિલ ગેટ્સ

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૯મું જ્ઞાનસત્ર બનાસકાંઠામાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

સદી પર્યંતથી સાહિત્યનું સંવર્ધન કરતી ગુજરાતી સાહિત્ય પરિષદનું આ વર્ષે ૨૯મું જ્ઞાનસત્ર યોજાઈ રહ્યું છે. આગામી ૨૩થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન આ જ્ઞાનસત્ર મગરવાડા, બનાસકાંઠા મુકામે યોજાશે. જ્ઞાનસત્રની યજમાન સંસ્થા શ્રી સર્વસાધારણ માનવ સેવા ટ્રસ્ટ, મગરવાડા છે.

રણજીતરામ વાવાભાઈ મહેતા દ્વારા પ્રેરિત ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ ૧૯૦૫માં ગોવર્ધનરામ ત્રિપાઠી બન્યા હતા. એ પછી પરિષદના પ્રમુખ તરીકે રમણભાઈ નીલકંઠ, સુન્દરમ્, કનૈયાલાલ માણેકલાલ મુનશી, ઉમાશંકર જોશી જેવા મહાનુભાવોની સેવાઓ પ્રાપ્ત થઈ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતી સાહિત્ય પરિષદ આંતરે વર્ષે અધિવેશન અને જ્ઞાનસત્રનું આયોજન કરે છે. આ સાહિત્યિક કાર્યક્રમમાં હજારેક સાહિત્યકારો અને સાહિત્યરસિકો ભાગ લેતા હોય છે.

# અમદાવાદના અપંગ માનવ મંડળ દ્વારા ફિઝિયોથેરાપીનાં સાધનો આયાત કરાયાં

ગાંધીનગર, તા. ૧૩

ટ્રસ્ટ સંચાલિત અપંગ માનવ મંડળ દ્વારા દર્દીઓને વર્ષોથી ખૂબ રાહતના દરે ફિઝિયોથેપારીની કસરત કરાવવામાં આવે છે. આ સંસ્થાએ ફિઝિયોથેરાપીની કસરત માટે નવા ચાર અત્યાધુનિક સાધનો વસાવ્યા છે. આ સાધનો અમદાવાદ તેમજ ગુજરાતમાં પ્રથમ હોવાનો દાવો સંસ્થાના સંચાલકો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ સંસ્થામાં ૧૯૮૦થી ફિઝિયોથેરાપીની એક્ટિવિટીનો પ્રારંભ થયો હતો. સંસ્થાની ગુરૂકુળ અને આઈઆઈએમ રોડ પરની બંને શાખામાં દરરોજ ૨૫૦થી વધુ દર્દીઓ લાભ મેળવી રહ્યા છે.

હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડૉ. મનીષ ત્રિવેદી છેલ્લા ૨૨ વર્ષથી સંસ્થા સાથે જોડાયેલા છે. તેમણે કહ્યું કે, તમામ ક્ષેત્રે ટેક્નોલોજી વધી રહી છે ત્યારે ફિઝિયોથેરાપીની અંદર પણ વર્લ્ડ બેસ્ટ ટેક્નોલોજીના સાધનો સંસ્થામાં વસાવી તેનો મહત્તમ લાભ લોકો સુધી પહોચાડવાનો છે. પલ્સ ઈલેક્ટ્રોમેગ્નેટિક ફિલ્ડ થેરાપી (PEMF), શોલ્ડર CPM, કોમ્બો થેરાપી યુનિટ અને ટિકર થેરાપી ચારે લેટેસ્ટ ટેક્નોલોજી ધરાવતા ફિઝિયોથેરાપી મશીન છે. ફ્રોઝન શોલ્ડર, ડી-જનરેટિવ આર્થરાઈટિસ અને સ્પોર્ટ્સ ઈન્જરી સહિત હાથના ખભાની કસરત માટે પ્રોગ્રામ ઈન્સ્ટોલ શોલ્ડર ઑસ મશીન (રોબોટ)નો ઉપયોગ થશે.

ડૉ. મનીષ ત્રિવેદીએ કહ્યું કે, PEMF મશીન ખાસ કરીને રૂમેટોઈડ આર્થરાઈટિસ, એન્કાઈલોસિંગ સ્પોન્ટેલાઈસિસ અને ગાઉટ જેવી ઈન્ફ્લામેટરી કંડિશન ધરાવતા દર્દીને લાભ કરાવશે. ટિકર થેરાપી દ્વારા શરીરના પ્રવાહી ઓછું હોય તેવા નાના સાંધાઓને તરંગોના માધ્યમથી સારવાર આપી શકાશે. જાણીતા ડૉ. સુધાંશુ પટવારીએ તેમના માતા-પિતાના નામે આ મશીન્સ માટે મુખ્ય ડોનર બન્યા છે. શનિવારે સાંજે ઉદઘાટન બાદ આ તમામ સાધનોનો ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો છે.

## સંસ્કાર ગૃપ આજે બાલદિન ઉજવશે

ગાંધીનગર, તા. ૧૩

બાળકોની પ્રવૃત્તિઓમાં કાર્યરત સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા ૧૪મી નવેમ્બરે પંડિત જવાહરલાલ નહેરુના જન્મદિવસ બાલ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ તુષાર દવેએ આ અંગેની અખબારી યાદીમાં જણાવ્યું છે કે સોમવારે સાંજે પાંચથી સાત કલાક દરમ્યાન સૅક્ટર-૭ના બગીચા ખાતે આ માટે સંસ્થાના સભ્યો એકત્ર થશે અને નગરની અન્ય સંસ્થાઓના સહયોગથી બાલદિનની ઉજવણી કરશે. સભ્યો ઉપરાંત રસિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

# એએફએસનું સ્નેહમિલન યોજાયું

**અહીંની સંસ્કૃતિથી પ્રભાવિત થયા છે અને અહીંના લોકોનું આતિથ્ય, સત્કાર તથા અબોલ-મૂંગા જીવોનો પૂજવાની, તેમને સન્માન આપવાની વાત પોતાને સ્પર્શી ગઈ છે એવી લાગણી વિદેશી વિદ્યાર્થીઓએ વ્યક્ત કરી**



ગાંધીનગર, તા. ૧૩

અમેરિકન ફિલ્ડ સર્વિસ દ્વારા રવિવારે સ્નેહમિલન અને સંસ્થાના બારમા વર્ષમાં પ્રવેશને અનુલક્ષીને એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમારોહ અંતર્ગત વિદેશથી આવેલા વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયો આપ્યા હતા. પોતે અહીંની સંસ્કૃતિથી પ્રભાવિત થયા છે અને અહીંના લોકોનું આતિથ્ય, સત્કાર તથા અબોલ-મૂંગા જીવોનો પૂજવાની, તેમને સન્માન આપવાની વાત પોતાને સ્પર્શી ગઈ છે એવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

પોતાની સ્મૃતિમાં આ વિદ્યાર્થીઓએ અહીંની નવરાત્રી, દિવાળીની રંગોળી અને આતશબાજીને પણ મન ભરીને માણી હોવાનો તેમણે એકરાર કર્યો હતો અને પોતાના વતનથી જોજનો દૂર હોવા છતાં ઘર જેવી જ હૂંફ અને લાગણી અહીં ભારતીય પરિવારોમાં રહીને મળી રહી હોવાનો અનુભવ પણ તેમણે સૌ વચ્ચે વહેંચ્યો હતો.

ઈટલીથી આવેલા આ વિદ્યાર્થીઓએ તેમની માતૃભાષામાં ગીત પણ ગાયું હતું ને અમેરિકાની હેલીએ અંગ્રેજી ગીત ગાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન, સ્વાગત પ્રવચન અનીષ મંકોડીએ કર્યું હતું. એએફએસ, ગાંધીનગર ચૅપ્ટરના કેવલ ગજ્જર, જનક ગજ્જર, સ્વયંસેવકો અને સ્થાનિક યજમાન પરિવારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# મધુરું બાળપણ યાદ આવે છે ને મન નાચી ઊઠે છે

**સંવેદના — મારું મધુરું બાળપણ**

બાળપણ સ્વાભાવિક રીતે જ વતનમાં પસાર થતું હોય છે. હું મારા વતન ભિલોડા, જિ. અરવલ્લીમાં ગુજારેલા મારા બાળપણના રોમાંચિત તેમજ દુખમય પ્રસંગો વર્ણવું છું.

પિતાનું મુખારવિંદ જોવા જેટલો પણ હું ભાગ્યશાળી નહોતો. લોકો કહેતા કે મારો જન્મ મારા પિતાના અવસાન બાદ થયેલો. એટલે સ્વર્ગે સિધાવેલ વિધવા મા લાડુબેને મને ઉછેરી, પાલન-પોષણ કરી, ભણાવી-ગણાવી, પરણાવી, નોકરી મેળવવા સક્ષમક રેલો. આવાં મારાં માનો હું ઋણી છું. મોટાંબેન શાંતાબેન તેમજ હું એમ બંને બાળકોને માએ મજૂરી કરી ઉછેરેલાં. એકવાર પાડોશમાં બકરી વિવાઈ હતી, તે દશ્ય અનાયાસે હું જોઈ જતાં ચક્કર ખાઈ પડી ગયેલો, ત્યારે મારાં મા હાંફળાં-ફાંફળાં મજૂરીએથી પરત ઘરે આવી ગયેલાં. આખો મહોલ્લો ભેગો થઈ ગયો હતો અને કેટલાય ઘરગથ્થુ ઉપચારો મારા માટે કરેલા.

નદીમાં ન્હાવાની, લખોટીઓ રમવાની, સંતાકૂકડી તથા ગિલ્લી-દંડો રમવાની, ખાટ્ટી આંબલીઓ ખાવાની, નાની-નાની કેરીઓમાં મીઠું-મરચું-જીરું ભરી ખાવાની, હોળીમાં રંગ છાંટવાની, દિવાળીમાં નાની-મોટી ટીકડીઓ ફોડવાની કંઈક ઓર જ મજા હતી. ઘરની નાણાંકીય સ્થિતિ સારી ના હોવાના કારણે આંબેથી કેરીઓ લાવી-વેચી ૧૦ પૈસી-૨૦ પૈસા જે કાંઈ મળતા તે ખર્ચીને સ્લેટ-પેન-પેન્સિલ-નોટબૂક વગેરે લાવતો અને ભણતો.

એકવાર મિત્રો સાથે નદીએ ન્હાવા ગયેલો. આ વાતની જામ મારાં મોટાંબેનને થતાં તેમણે મારાં માને વાત કરી અને તેમણે ગુસ્સે થઈ મને ઠપકો આપ્યો હતો. હું નારાજ થયો અને દરવાજાનાં કમાડ પછાડતો રડતો હતો. સમી સાંજ હતી, અંધારું બેસી ગયું હતું ને હું કમાડ પછાડતો દરવાજાની એક તરફ ખૂણામાં ઊભો હતો. ઘરમાં મા કે દાદીમા કોઈ જ નહોતું. તે દરમ્યાન શાંતાબેન ઘરમાંથી દોડીને આંગણામાં આવી ગયેલાં ને મારું રોવાનું બંધ થઈ ગયું હતું. મેં શાંતાબેનને આ માટેનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું હતું કે કમાડ પાછળ અંધારામાં માત્ર પડછાયો જ દેખાતો હતો, કોઈ વ્યક્તિ નહીં. આથી ભૂત-પ્રેત જેવું કંઈક સમજી પોતે ડરીને બહાર દોડી આવ્યાં હતાં. જે થયું તે પરંતુ મારું હાસ્ય રૂદનમાં પલટાઈ ગયું હતું.

અમારું કુટુંબ ખૂબ જ ગરીબ એટલે જંગલમાંથી લાકડાં લાવવા પડતાં. એકવાર પહાડી જંગલમાં લાકડાં લેવા મિત્રો સાથે ગયેલો. તે વખતે સૂર્ય મધ્યાહ્ને હતો અને અમે ભયાનક ત્રાડ સાંભળી. અમારા તો હોશકોશ ઊડી ગયા. ટોપલું તેમજ કુહાડી નાંખી દઈ ઘર તરફ દોટ મૂકી હતી. અમને જાણવા મળ્યું કે અમે ભાગવામાં મોડું કર્યું હોત તો વાઘનો શિકાર બન્યા હોત.

બીજા-ત્રીજા ધોરણમાં ત્રિવેદી સાહેબ માસિક રૂપિયા બે ફી લઈ સ્કૂલ છૂટ્યા પછી એક કલાક અંગ્રેજી ભણાવતા. હું ગરીબ પરિવારનો હોઈ મને મફત ભણાવતા. એ બદલ હું તેમનો આભારી છું.

જન્માષ્ટમીનો તહેવાર તો આખા શ્રાવણ માસ દરમ્યાન ઉજવાતો. મારા ઘરના આંગણામાં મોટાંબેન તથા મહોલ્લાનાં અન્ય બહેનો જન્માષ્ટમીને અનુરૂપ ગાતાં -

ઓ તારી લીલા ઓ પ્રભુ !
ઓ તારી લીલા...
લીલાનો ના રહ્યો પાર,
ઓ પ્રભુ તારી લીલા...

- ખેમાભાઈ રામાભાઈ પરમાર
સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪

આજે જીવન સફરના સાત દાયકા વટાવી ચૂકી છું છતાં પણ બાળપણના એ સુવર્ણ દિવસો ભૂલી શકાતા નથી. નવરાશની પળોમાં શાંત ચિત્તે બેસીને એ મીઠા સંભારણાને વાગોળવાનું મન થઈ આવે છે.

યાદ આવે છે મને ગામડાના પ્રાકૃતિક વાતાવરણ, નદીના ખળ-ખળ વહેતા ઝરણાં, ખેતરોમાં કોહમાંથી પાણીના પડતા ધોરીયા, એ ધોરીયામાં પલળવાની મજા, ખેડૂતોને, તેના બળડોને હંકારવાના ડચકારા, ગામ ગોંદરેથી પાછું વળતું ગાયોનું ધણ, ભાંભરતાં વાછરડાં... કેવું અદ્‌ભૂત હતું એ સમયનું ગામડું ! આવી આહ્લાદક જગ્યામાં મારું બાળપણ વિત્યું.

અને ગામડાના ભોળા માનવીનાં મન પણ કેવાં માયાળુ હતાં ! સરખેસરખી સખીઓ હારે નદીએ જવું, નદીકાંઠે વીરડા ગાળવા, પાણી આછર્યા પછી છાલીયે-છાલીયે પાણી બેડામાં સારવું, નદી-તળાવમાં ડૂબકી મારીને ન્હાવું, નદીઓ ઓટલા પર કપડાં ધોવાં.... હંમેશાં યાદ રહેશે એ મારા મધુરા બાળપણના દિવસો !

વ્રત હોય કે વ્રતનું જાગરણ - બેનપણીઓ હારે દલો-દલ્લી, આંધળો પાટો, સાત તાળી, કૂકરી, સોગઠાંબાજી, માછલી દાવ એવી તો કંઈક રમતો રમતાં. આ રમતમાં સખી સાથે કિટ્ટા-બુચ્ચા પણ થાય ને વળી પાછા થોડીવારમાં તો ભેળા મળીને સંધુય ભૂલી જઈને હારે રમવાય માંડતાં.

બેનપણીઓ હારે અંતકડી, કવિતા, ઉખાણાં અને જોડકમાં પણ મુક્ત મને રમતાં. વળી, જ્યારે ને ત્યારે ગાવાનો લ્હાવો તો અચૂક લેવાનો. મને હજુ યાદ છે -

પાંચીકા રમતી’તી
દોરડા હું કૂદતી’તી
ઝૂલતી’તી આંબલાની ડાળે,
મારું પચપણ ખોવાયું એ જ ટાણે...

મધુરું બાળપણ યાદ આવે છે ને મન નાચી ઊઠે છે. કાશ ! એ સુવર્ણ દિવસો મને પાછા મળે !

- કોકિલા જયપ્રકાશ ભટ્ટ
સેક્ટર-૮ બી

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારું મધુરું બાળપણ’**